પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગસ્ટ, ૨૦૨૧, શુક્રવાર; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સંસદમાં હોબાળામાં પ્રજાના ૨૬૪૦ કરોડ હોમાયા

**સંસદનું સત્ર ચાલે ત્યારે દર મિનિટના ૨.૫ લાખનો ખર્ચ : રિસર્ચના આંકડા અનુસાર લોકસભામાં કુલ ૨૧ કલાક જ કામ થયું જ્યારે રાજ્યસભામાં ૨૯ કલાક જ કામ થયું**




નવી દિલ્હી, તા.૧૨

સંસદમાં ચોમાસું સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભામાં થયેલા હોબાળાને કારણે સામાન્ય પ્રજાના ૨૬૪૦ કરોડ રુપિયા પાણીમાં ગયા છે. કહેવામાં આવે છે, સંસદ સત્ર ચાલે છે ત્યારે પ્રત્યેક મિનિટ ૨.૫ લાખ રુપિયા ખર્ચ થાય છે.

પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચના આંકડા દર્શાવે છે કે, ચોમાસું સત્ર દરમિયાન લોકસભાની ઉત્પાદકતા માત્ર ૨૧ ટકા હતી જ્યારે રાજ્યસભાની ઉત્પાદકતા ૨૯ ટકા હતી. લોકસભામાં ૧૯ દિવસ સુધી દરરોજ છ કલાકના હિસાબે કામ થવુ જોઈતું હતું.

જો કે પેગાસસ જાસૂસી કાંડની તપાસ અને નવા કૃષિ કાયદાને પાછા લેવાની માંગને કારણે થયેલા હોબાળાથી સંસદની કાર્યવાહી પ્રભાવિત થઈ હતી. આ કારણે લોકસભામાં કુલ ૨૧ કલાક જ કામ થયું છે. જ્યારે રાજ્યસભામાં ૨૯ કલાક જ કામ થયું છે.

પીઆરએસ લેજિસ્ટેલિવ રિસર્ચ અનુસાર, ચોમાસું સત્રમાં લોકસભા અને રાજ્યસભાએ ૧૦ દિવસમાં ૧૧૪ અને ૧૧૨ કલાક કામ કરવાનુ હતું. ૨૦૧૬ના શિયાળુ સત્ર પછી લોકસભામાં આ

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ બાદ કોંગ્રેસનું સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ લોક કરાયું

**પાર્ટીએ મુંબઈ કોંગ્રેસ, માકન, સુરજેવાલ, સુષ્મિતા દેવ અને જિતેન્દ્રસિંહનું અકાઉન્ટ લોક થયાનો દાવો કર્યો**

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસ પાર્ટીએ દાવો કર્યો છે કે તેનું સત્તાવર ટ્વિટર અકાઉન્ટ 'લોક' થઈ ગયું છે. પાર્ટીએ આ સ્થિતિને ડિજિટલ ઈમર્જન્સી ગણાવીને મોદી સરકાર પર વાર કર્યો છે. કોંગ્રેસના સત્તાવાર હેંડલ પહેલા રાહુલ ગાંધી સહિત પાર્ટીના ઘણાં નેતાઓના અકાઉન્ટ 'લોક' થયા હતા. પાર્ટીએ મુંબઈ કોંગ્રેસ, અજય માકન, રણદીપસિંહ સુરજેવાલ, સુષ્મિતા દેવ, મણિકમ ટેગોર અને જિતેન્દ્રસિંહનું અકાઉન્ટ લોક થયાનો દાવો કર્યો. કોંગ્રેસ અકાઉન્ટ 'લોક' થવા પર ટ્વિટરની પ્રતિક્રિયા નથી આવી. પાર્ટીના સોશિયલ મીડિયા હેડે આ બધી કાર્યવાહી સરકારના દબાણ કરવામાં આવી હોવાનું કહ્યું છે.




કોંગ્રેસના સોશિયલ મીડિયા હેડ રોહન ગુપ્તાએ જણાવ્યું છે કે, ટ્વિટર સરકારના દબાણમાં કામ કરે છે. તેણે દેશભરમાં અમારા નતાઓ અને કાર્યકર્તાઓના ૫,૦૦૦ અકાઉન્ટ બ્લોક કર્યા છે. તેમણે સમજવું પડશે કે અમને ટ્વિટર કે સરકાર દબાવી શકતી નથી.

ટ્વિટર લોક થયું હોવાની માહિતી કોંગ્રેસ પોતાના ફેસબૂક અકાઉન્ટના માધ્યમથી આપી છે અને અહીં સક્રીનશોટ પણ શેર કર્યો છે. જ્યાં કોંગ્રેસે લખ્યું છે કે, જ્યારે અમારા નેતાઓને જેલમાં બંધ કરવામાં આવ્યા, અમે ત્યારે નહોતા ડર્યા તો હવે ટ્વિટર અકાઉન્ટ બંધ કરવાથી શું ખાખ ડરીશું. અમે કોંગ્રેસ છીએ. જનતાનો સંદેશ છીએ, અમે લડીશું, લડતા રહીશું.

● અનુસંધાન પાન-૭ પર

## બંને ડોઝ લેનારાને RT-PCRમાંથી મુક્તિની માંગ

**સંપૂર્ણ રસીકરણ કરાવનારા લોકોએ આંતરરાજ્ય પ્રવાસ દરમિયાન વેક્સીનેશન સર્ટિફિકેટ બતાવવાનું રહેશે**

પૂણે,તા.૧૨

પ્રવાસન મંત્રાલયે રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશોને વિનંતી કરી છે કે, વેક્સીનના બંને ડોઝ લઈ ચૂકેલા આંતરરાજ્ય પ્રવાસ કરતાં લોકોને આરટી-પીસીઆર ટેસ્ટ કરાવામાંથી મુક્તિ આપવી જોઈએ. સંપૂર્ણ રસીકરણ કરાવી ચૂકેલા આ લોકોએ જે-તે રાજ્યમાં પ્રવેશ્યા બાદ પોતાનું વેક્સિનેશન સર્ટિફિકેટ બતાવવું. પ્રવાસન મંત્રાલયે રાજ્યોના મંત્રીઓને પત્ર લખીને રજૂઆત કરી છે કે, તમામ રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશો કોરોના કાળમાં ટ્રાવેલિંગ માટે એકસમાન પ્રોટોકોલનું પાલન કરે", તેમ પ્રવાસન મંત્રાલયના એડિશનલ ડાયરેક્ટર જનરલ રૂપિન્દર બ્રારેને જણાવ્યું. ૯ ઓગસ્ટે પ્રવાસન મંત્રી જી. કિશન રેડ્ડીએ લોકસભામાં કહ્યું હતું, મંત્રાલયે રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશોને વિનંતી કરી છે કે, વેક્સીનના બંને ડોઝ લેનારા પેસેન્જરોને આંતરરાજ્ય પ્રવાસ કરતી વખતે આરટી-પીસીઆર રિપોર્ટ લઈ જવામાંથી મુક્તિ આપવામાં આવે. હાલ કેટલાક રાજ્યોએ રસીના બંને ડોઝ લેનારા મુસાફરોને નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ લઈને આવવામાં મુક્તિ આપી છે. પરંતુ પશ્ચિમ બંગાળ (મુંબઈ, પૂણે અને ચેન્નાથી આવતા પેસેન્જરો માટે આરટી-પીસીઆર ફરજિયાત), કર્ણાટક, ગોવા, છત્તીસગઢ જેવા રાજ્યો રસીના બંને ડોઝ લેનારા મુસાફરો પાસેથી પણ નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ માગે છે. રૂપિન્દર બ્રારે કહ્યું, પ્રવાસન મંત્રાલય તમામ રાજ્યોને એકસમાન પ્રોટોકોલનું પાલન કરવા માટે મનાવી રહ્યું છે. જે મુસાફરોએ રસીના બંને ડોઝ લીધા હોય તેમણે પોતાનું ફાઈનલ વેક્સીનેશન સર્ટિફિકેટ બતાવાનું રહેશે અને તેમના માટે આરટી-પીસીઆર ટેસ્ટ કરાવો ફરજિયાત નહીં રહે. આ પ્રકારનો સમાન પ્રોટોકોલ બધા જ રાજ્યો અમલમાં મૂકે તે માટે પ્રવાસન મંત્રાલય પ્રયત્નશીલ છે. પ્રવાસન મંત્રાલયે ફેડરેશન ઓફ અસોસિએશન્સ ઈન ઈન્ડિયન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી તેમજ તમામ રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી.

## ૧૫ ઓગસ્ટે ટાઈમ્સ સ્કવેરમાં સૌથી મોટો તિરંગો ફરકાવાશે

**ભારતના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીની યુએસમાં તૈયારી ૨૫ ફૂટ ઊંચા પોલ પર તિરંગાને ભારતના અમેરિકા સ્થિત કોન્સ્યુલ જનરલના હસ્તે ફરકાવવામાં આવશે**



નવી દિલ્હી, તા.૧૨

ભારતના ૭૫મા સ્વાતંત્ર્ય દિવસની શાનદાર ઉજવણી અમેરિકાના ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કેવરમાં કરવા માટે તૈયારીઓ શરુ કરી દેવાઈ છે.

ભારતીય મૂળના નાગરિકો દ્વારા દર વર્ષે અહીંયા આઝાદી પર્વની ઉજવણી કરાતી હોય છે પણ આ વખતે અત્યાર સુધીનો સૌથી મોટો તિરંગો ટાઈમ્સ સ્કેવરમાં ફરકાવવામાં આવશે. આ તિરંગો ૨૫ ફૂટ ઉંચા પોલ પર ફરકાવાશે. જેની લંબાઈ ૧૦ ફુટ અને પહોળાઈ ૬ ફૂટ હશે. ભારતના અમેરિકા સ્થિત કોન્સ્યુલ જનરલના હસ્તે આ તિરંગો ફરકાવવામાં આવશે.

ફેડરેશન ઓફ ઈન્ડિન એસોસિએશન નામના સંગઠન દ્વારા દિવસભર વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સાથે સાથે ન્યૂયોર્કના ખ્યાતનામ એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગને પણ તિરંગાના રંગોમાં રોશન કરાશે.

સાંજના સમયે ન્યૂયોર્કની હડસન નદીમાં એક ક્રુઝનુ આયોજન કરાયુ છે. જેમાં વીઆઈપીઓ પણ હાજરી આપશે. આઝાદી પર્વે યોજનારા સમારોહમાં ભારતીય મૂળના અમેરિકન ચેસ પ્લેયર અને સૌથી નાની વયના ગ્રાન્ડ માસ્ટર અભિન્યુ મિશ્રા પણ હાજરી આપશે. તેની વય માત્ર ૧૨ વર્ષની છે.જ્યારે વિમ્બલડન જુનિયર ટુર્નામેન્ટ જીતનાર ભારતીય મૂળના ૧૭ વર્ષના સમીર બેનરજીને સન્માનિત કરાશે.

## કુલગામમાં બીએસએફના કાફલા પર આતંકી હુમલો

**સેનાને નિશાન બનાવવાનો આતંકીઓનો પ્રયાસ : હુમલા બાદ સેનાએ આતંકીઓને ઘેરી લીધા અને બંનેની વચ્ચે અથડામણ, ત્રણ આતંકીઓના ફસાયાની શક્યતા**

શ્રીનગર, તા.૧૨

જમ્મુ-કાશ્મીરમાં એક વાર ફરીથી આતંકીઓએ સેનાને નિશાન બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આતંકવાદીઓએ ગુરૂવારે બીએસએફના કાફલા પર હુમલો કર્યો. આ આતંકી હુમલા બાદ સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ પણ શરૂ થઈ ગઈ છે. ત્રણ આતંકી ફસાયા છે.

આતંકવાદીઓ વિરૂદ્ધ બીએસએફ ઑપરેશન ચલાવી રહ્યા હતા, ત્યારે આતંકીઓએ જવાન પર ફાયરીંગ શરૂ કરી દીધું હતું. બીએસએફના કાફલા પર આ હુમલો દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં માલપોરા કાજીગુંડ નજીક શ્રીનગર-જમ્મુ હાઈવે પર થયો છે.

આ હુમલામાં કોઈ જાનહાનિ થવાની જાણ નથી. હુમલા બાદ સેનાએ આતંકીઓને ઘેરી લીધા અને બંનેની વચ્ચે અથડામણ જારી છે. ત્રણ આતંકીઓના ફસાયા હોવાની વાત સામે આવી રહી છે.

કાશ્મીરના આઈજીપી વિજય કુમારે એક ન્યુઝ એજન્સી સાથે હુમલાની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યુ છે કે કુલગામમાં બીએસએફના કાફલા પર આતંકીઓએ હુમલો કર્યો છે. કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આતંકવાદીઓએ સેનાએ ઘેરી લીધા છે અને સેનાએ અને આતંકવાદીઓ વચ્ચે ફાયરીંગ જારી છે. તેમણે જણાવ્યુ કે પોલીસ, સીઆરપીએફ અને આર્મીના સીનિયર અધિકારી ઘટના સ્થળે પહોંચી ગયા છે.

આતંકવાદીઓએ બે દિવસ પહેલા ૧૦ ઓગસ્ટે સીઆરપીએફની પાર્ટી પર હુમલો કર્યો હતો. આ હુમલામાં સીઆરપીએફના એક જવાન ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. આતંકવાદીઓએ આ હુમલો દક્ષિણ કાશ્મીરના શોપિયા જિલ્લાના ક્રાલચેક વિસ્તારમાં થયો હતો.

## ભાલા ફેંકના વૈશ્વિક રેકિંગમાં નિરજ ચોપરા બીજા ક્રમાંક પર

**ટોકિયો ઓલિમ્પિકમાં ભાગ લેતા પહેલા નિરજની વૈશ્વિક રેન્કિંગ ૧૬ હતું, નીરજે રેકિંગમાં દિગ્ગજોને પાછળ રાખ્યા**




નવી દિલ્હી, તા.૧૨

ભારત માટે ભાલા ફેંકમાં ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચનારા નિરજ ચોપરા માટે બીજી સારી ખબર આવી છે. ભાલા ફેંકના ખેલાડીઓના વૈશ્વિક રેક્કિંગમાં નિરજ ચોપરા બીજા સ્થાને આવી ગયો છે. ટોકિયો ઓલિમ્પિકમાં ગોલ્ડ જિત્યા બાદ બીજા ૧૪ ખેલાડીઓને પાછળ રાખીને નિરજે બીજો ક્રમ મેળવ્યો છે. ટોકિયો ઓલિમ્પિકમાં ભાગ લેતા પહેલા નિરજની વૈશ્વિક રેક્કિંગ ૧૬ હતી. એ પછી નીરજે રેક્કિંગના મામલામાં દુનિયાના ઘણા દિગ્ગજોને પાછળ રાખી દીધા છે. નિરજ હવે વિશ્વ એથ્લેટિક્સ

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલના કિન્નૌર જિલ્લામાં ભૂસ્ખલનનો મૃત્યુઆંક ૧૩ થયો



નવી દિલ્હી,તા.૧૨

હિમાચલ પ્રદેશના કિન્નૌર જિલ્લામાં બુધવારે એક બસ અને અન્ય વાહનોના ભૂસ્ખલનની ઝપેટમાં આવ્યા બાદ અત્યાર સુધી ૧૩ લોકોના મોત થયા છે અને ૧૩ લોકોને બચાવી લેવાયા છે. હકીકતમાં કિન્નૌર જિલ્લાના નિગુલસેરીમાં ભૂસ્ખલનવાળી જગ્યા પર રસ્તો સાફ કર્યા બાદ કાટમાળમાં માત્ર રોડવેઝની બસની બોડીનો એક ટુકડો મળ્યો છે. બસ અને તેમાં બેઠેલા ૨૫ યાત્રીકોની અત્યાર સુધી કોઈ જાણ મળી નથી. ઘટનાસ્થળ પર અંધારૂ અને ફરીથી ભૂસ્ખલનના ખતરાને જોતા બુધવારે રાત્રે ૯ કલાકે બચાવ અને સર્ચ ઓપરેશન બંધ કરી દેવામાં આવ્યું હતું. હવે ગુરૂવારે સવારે અભિયાનની શરૂઆત થઈ ગઈ છે. માનવામાં આવી રહ્યું છે કે હરિદ્વાર જઈ રહેલી હિમાચલની બસ સતલુજ નદીમાં પડી ગઈ હતી. કારણ કે બચાવ અધિકરી તેને કાટમાળની નીચે શોધી શક્યા નહીં. બુધવારે ભૂસ્ખલન થયા બાદ કાટમાળમાં રોડવેઝની બસ સહિત છ ગાડીઓ દબાય ગઈ હતી. પથ્થર પડવાને કારણે એક ટ્રક નદી કિનારે પડી ગયો. તેના ચાલકનો મૃતદેહ મળી આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલ, પંજાબની શાળામાં કોરોનાના કેસ

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં કોરોના વાયરસનો કહેર હજુ સંપૂર્ણપણે પૂરો નથી થયો. કોરોનાની બીજી લહેર હજુ સંપૂર્ણપણે પૂરી નથી થઈ ત્યાં ત્રીજી લહેરે પોતાનો પરચો દેખાડવાનું શરૂ કરી દીધું છે. દેશના અનેક રાજ્યોમાં એક તરફ પ્રતિબંધો હટાવાઈ રહ્યા છે ત્યારે કેટલાક ક્ષેત્રોમાં વધી રહેલા નવા કેસની સંખ્યા ચિંતા વધારે છે.

સૌથી મહત્વની વાત એ છે કે, હવે શાળાઓ ખુલી જવાના કારણે બાળકો પર જોખમ વધ્યું છે. કર્ણાટકના બેંગલુરી ખાતે આવા જ પરિણામો જોવા મળી રહ્યા છે.

કોરોનાના કેસ ઘટ્યા બાદ અનેક જગ્યાએ શાળા-કોલેજ ખોલી દેવામાં આવ્યા હતા. કર્ણાટકના બેંગલુરૂમાં પણ એમ જ બન્યું હતું. પરંતુ તાજેતરમાં સામે આવેલા આંકડા ખૂબ જ ભયજનક તસવીર બતાવે છે. બેંગલુરૂમાં આશરે ૬ દિવસમાં ૩૦૦ કરતા પણ વધારે બાળકો કોરોનાની લપેટમાં આવ્યા છે.

બેંગલુરૂ પ્રશાસન દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં ૧૨૭ બાળકો ૦થી ૯ વર્ષની ઉંમરના છે અને ૧૭૪ બાળકો ૧૦થી ૧૯ વર્ષની ઉંમરના છે.

તે સિવાય હિમાચલ પ્રદેશમાં આશરે ૬૨ વિદ્યાર્થીઓ કોવિડની લપેટમાં આવ્યા છે. પંજાબમાં પણ ૨૭ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે.

## ગાંધીનગર સમાચાર

## ...મારી દેશભક્તિ એટલે...

**આપણી દેશભક્તિ માત્ર ૧૫ ઓગષ્ટ અને ૨૬ જાન્યુઆરીની ઉજવણીમાં જ સિમિત બની રહી છે ત્યારે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે સહચિંતન અનિવાર્ય બન્યું છે. મારી-તમારી-આપણી દેશભક્તિને રાષ્ટ્રહિતના કામમાં કેવી રીતે પરિવર્તિત કરી શકાય એવા શુભ હેતુ સાથે આ સંવાદમાં આપને આપના વિચારોની ઝલક માત્ર પાંચ લાઈનમાં મોકલવા આમંત્રણ છે.**

**આપના પાસપોર્ટ સાઇઝના ફોટા સાથેનું લખાણ ૧૩મી ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સાંજે ૭.૦૦ સુધીમાં વોટ્સઅપ કે મેઈલ દ્વારા મોકલવા વિનંતી..!**

**મો. ૯૮૨૫૦૩૬૦૪૯**

gandhinagarsamachar2021@gmail.com

**ગાંધીનગર સમાચાર કાર્યાલય**

**સેક્ટર-૮, ગાંધીનગર**